

ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ-૨૦૨૬

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)

ગુજરાત રાજ્ય

અનુક્રમણિકા

ક્રમ નંબર	વિષયવસ્તુ	પૃષ્ઠ નંબર
૧	જાહેરનામું	૧
૨	પ્રસ્તાવના	૧–૨
૩	ટૂંકું શીર્ષક અને અમલવારી	૨
૪	દૃષ્ટિકોણ	૨
૫	નીતિના મુખ્ય ઉદ્દેશો	૨
૬	નીતિનો વ્યાપ	૨–૩
૭	વ્યાખ્યાઓ	૩
૮	માર્ગદર્શક સિદ્ધાંતો	૩–૪
૯	સરકારની પ્રાથમિકતાઓ	૪–૫
૧૦	અમલીકરણનું માળખું	૫–૬
૧૧	સંસ્થાકીય જવાબદારીઓ	૬
૧૨	દેખરેખનું માળખું	૬–૭
૧૩	તાલીમ અને ક્ષમતાવર્ધન	૭
૧૪	સંસ્થાઓ, એકમો અને સંગઠનો માટેની માર્ગદર્શિકા	૭–૮
૧૫	આચારસંહિતા	૮
૧૬	અનુપાલન અને કાર્યવાહી	૮–૯
૧૭	નીતિની પ્રગતિ અને પરિણામોની સમીક્ષા	૯
૧૮	પરિશિષ્ટ–૧: તમામ કર્મચારીઓ/નિયોજકો દ્વારા આપવાનું બાંહેધરીપત્ર	૯
૧૯	પરિશિષ્ટ–૨: કાયદા હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ/વર્તન અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓ	૧૦–૧૧

ગુજરાત સરકાર રાજપત્ર
અસાધારણ
સત્તામંડળ દ્વારા પ્રકાશિત
ભાગ: ૬૭ બુધવાર, ૧૫ જુલાઈ, ૨૦૨૬/ અષાઢ ૨૪/

આ ભાગને અલગ પૃષ્ઠ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઇલ કરી શકાય.

ભાગ ૪–ખ
ગુજરાત અધિનિયમો હેઠળ ગુજરાત સરકાર દ્વારા બનાવેલા નિયમો અને આદેશો (ભાગ I, I-A, અને I-L માં પ્રકાશિત સિવાય)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
જાહેરનામું
સચિવાલય, ગાંધીનગર, ૧૫ જુલાઇ, ૨૦૨૬

નં.: GHL-10/SJED/GCR/e-file/17/2026/1483/CHH-2:– સરકારી જાહેરનામું, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નં. GHL-05/SJED/2025/1/2088/CHH, તારીખ ૧ એપ્રિલ, ૨૦૨૫ હેઠળ ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિનો મુસદ્દો ૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ગુજરાત સરકાર રાજપત્ર, અસાધારણ, ભાગ ૪–ખ માં પાના ૧૨૯–૧ થી ૧૨૯–૫ પ્રકાશિત થયો હતો, જેમાં સત્તાવાર રાજપત્રમાં ઉપરોક્ત જાહેરનામું પ્રકાશિત થયાના ૯૦ દિવસની અંદર અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવતા વ્યક્તિઓ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા; તેના અનુસંધાને

ઉપરોક્ત જાહેરનામાના મુસદ્દા અંગે આવા વ્યક્તિઓ તરફથી મળેલા વાંધા અથવા સૂચનો સરકાર દ્વારા વિચારણામાં લેવામાં આવ્યા છે તેમજ POCSO નિયમો, ૨૦૨૦ ના નિયમ–૩ ના પેટા–નિયમ (૫), કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫, જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨, તેની હેઠળ ઘડવામાં આવેલા પેટા નિયમો, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) મોડેલ નિયમો, રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR) દ્વારા બહાર પાડવામાં આવેલી શાળા સલામતી અને છાત્રાલય માર્ગદર્શિકા, રાષ્ટ્રીય બાળનીતિ, ૨૦૧૩ અને બાળકો માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના, ૨૦૧૬ ને પણ વિચારણામાં લેવામાં આવ્યા છે; અને તેથી

હવે, ગુજરાત સરકાર ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ પ્રકાશિત કરે છે, જે નીચે મુજબ છે:–

પ્રસ્તાવના:

બધા બાળકો સુખી બાળપણ અને હિંસા, શોષણ, ઉપેક્ષા, અભાવ અને ભેદભાવથી સુરક્ષિત ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક મેળવવાના હકદાર છે. ભારતનું બંધારણ બાળકોને સમાન અધિકારો આપે છે અને તેમના સંરક્ષણ અને સુખાકારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. ભારતે બાળ અધિકારો અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCRC) પર પણ સહી કરી છે, ભારતના બંધારણ અને રાષ્ટ્રીય બાળનીતિ, ૨૦૧૩ માં બાળકોના સંરક્ષણ

માટે એક મજબૂત કાનૂની માળખું છે, જેમાં કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ ૨૦૧૫; સુધારેલો કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૨૧ (JJ અધિનિયમ); જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૨૦ (POCSO) અને નિયમો, ૨૦૨૦; ગર્ભધારણ પહેલા અને પ્રસૂતિ પહેલા નિદાન તકનીકો (PCPNDT) અધિનિયમ, ૧૯૯૪; બાળ અધિકાર સંરક્ષણ આયોગ અધિનિયમ ૨૦૦૫; બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯; બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ અને ૨૦૧૬ નો સુધારો; બાળ અને કિશોર મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારો અધિનિયમ, ૨૦૧૬; આઈટી અને ડિજિટલ વ્યક્તિગત ડેટા સંરક્ષણ અધિનિયમ, ૨૦૨૩; દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬; રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માર્ગદર્શિકા: શાળા સલામતી નીતિ, ૨૦૧૩; માનસિક આરોગ્યસંભાળ અધિનિયમ; HIV અને AIDS (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ; ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) અધિનિયમ; ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩; ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ અને આ વિષય સંબંધિત નામદાર સુપ્રીમ કોર્ટ / નામદાર હાઇકોર્ટના ચુકાદાઓનો સમાવેશ થાય છે.

આ નીતિ બાળ અધિકારો અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCRC), દિવ્યાંગજન અધિકારો અંગેના સંમેલન, CEDAW અને અન્ય સંબંધિત આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દસ્તાવેજો હેઠળ ભારતની જવાબદારીઓને પણ દર્શાવે છે. તે રાષ્ટ્રીય બાળનીતિ, ૨૦૧૩, બાળકો માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના, ૨૦૧૬ અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે પણ સુસંગત છે.

ગુજરાત સરકાર તમામ બાળકોના અધિકારોને તેમજ ગુજરાત અને ભારતની વૃદ્ધિ અને વિકાસને સિદ્ધ કરવા માટે આ અધિકારોને જાળવી રાખવાના મહત્વને માન્યતા આપે છે. રાજ્ય, અધિકાર–આધારિત અભિગમ સાથે રાજ્યની અંદરના તમામ બાળકોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે, જેનો અર્થ બાળકોના ભાગીદારીના અધિકાર સહિત તેમના કાયદેસર રીતે માન્ય અધિકારોના માળખામાં બાળકોની સલામતી અને સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.

૧. ટૂંકું શીર્ષક:

૧) આ નીતિ ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ, ૨૦૨૬ તરીકે ઓળખાશે.
૨) તે સત્તાવાર રાજપત્રમાં પ્રકાશિત થયાની તારીખથી અમલમાં આવશે.

૨. ધ્યેય:

ક) ગુજરાતમાં એવા સમાજનું નિર્માણ કરવું કે જ્યાં દરેક બાળક સલામત, આદરણીય, સુરક્ષિત, અધિકારયુક્ત હોય, અને તેની/તેણીની સંપૂર્ણ ક્ષમતાને સાકાર કરવા માટેની સુવિધા પૂરી પાડવામાં આવતી હોય, તેમજ ભાગીદારી અને અધિકારીતા મારફત સલામતી, શિક્ષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસના તેના અધિકારો સુનિશ્ચિત કરવામાં આવતા હોય.

ખ) રાજ્યમાં દરેક બાળક, ધર્મ, જાતિ, લિંગ, સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અથવા ભૌગોલિક પૃષ્ઠભૂમિના આધારે ભેદભાવ વિના, તમામ પ્રકારની હિંસા, દુર્વ્યવહાર, ઉપેક્ષા અને શોષણથી સુરક્ષિત રહેશે અને તમામ ક્ષેત્રોમાં બાળ સંરક્ષણ સેવાઓનો સમાન ઉપયોગ કરી શકશે.

ગ) વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના વિઝન સાથે સુસંગત થવા માટે બધા બાળકો માટે સામાજિક સુરક્ષા અને વિકાસ પર ભાર મૂકવો અને સમાવેશકતા અને બાળ અધિકારો પર પણ ભાર મૂકવો.

૩. નીતિના મુખ્ય હેતુઓ:

ક) મજબૂત, બાળ–કેન્દ્રિત અને અસરકારક બાળ સંરક્ષણ તંત્ર બનાવવું.
ખ) અસરકારક અને બાળકોને અનુકૂળ સંભાળ અને રક્ષણ પૂરું પાડવા માટે સંસ્થાઓ, કાયદા અમલીકરણ તંત્ર અને સંભાળ રાખનારાઓની ક્ષમતાનું નિર્માણ કરવું.
ગ) આંતર–વિભાગીય, આંતર–એજન્સી અને બહુ–ક્ષેત્રીય સંકલન અને જવાબદારીને પ્રોત્સાહન આપવું અને તેને સુદ્રઢ કરવી.

૪. નીતિનો વ્યાપ:

ક) ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ તમામ સરકારી વિભાગો, વૈધાનિક સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, NGO, નાગરિક, સમાજ, સંસ્થાઓ અને બાળકો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવતી વ્યક્તિઓને લાગુ પડશે, જેમાં કોર્પોરેટ અને વ્યાપાર ગૃહો, ઉદ્યોગો, મીડિયા સંસ્થાઓ, નિવાસી કલ્યાણ સંગઠનો, ધાર્મિક અને શ્રદ્ધા આધારિત સંસ્થાઓ, બાળ સંભાળ સંસ્થાઓ અને બાળકો રહેતા હોય, શીખતા હોય, રમતા હોય, સંભાળ મેળવતા હોય અથવા ભાગ લેતા હોય તેવા તમામ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

ખ) તે સંવેદનશીલ પરિસ્થિતિઓમાં રહેલા બાળકોને પણ આવરી લે છે, જેમાં સંભાળ અને રક્ષણની જરૂર હોય તેવા બાળકો, કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકો, દિવ્યાંગ બાળકો, સ્થળાંતરિત બાળકો, અનાથ, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય વંચિત સમુદાયોના બાળકો, માનવ તસ્કરીથી પ્રભાવિત બાળકો, શેરીમાં રહેતા બાળકો, સંસ્થાકીય અને વૈકલ્પિક સંભાળમાં રહેતા બાળકો, ટ્રાન્સજેન્ડર અને આંતરલિંગી બાળકો, HIV/AIDS અથવા દીર્ઘકાલીન બીમારીથી પીડાતા બાળકો, કુદરતી આફતોથી પ્રભાવિત બાળકો અને સંઘર્ષવાળા વિસ્તારોમાં રહેતા બાળકોનો સમાવેશ થાય છે.

ગ) આ નીતિ ગુજરાત રાજ્યના અધિકારક્ષેત્રમાં આવતી દરેક વ્યક્તિને લાગુ પડે છે.

૫. વ્યાખ્યા:

ક) "બાળક" એટલે ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતી કોઈપણ વ્યક્તિ અથવા કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–2(K) મુજબ અઢાર વર્ષ પૂર્ણ કર્યા ન હોય તેવી વ્યક્તિ.

ખ) "બાળ સંરક્ષણ" એટલે બાળકોનું શોષણ, દુર્વ્યવહાર, ઉપેક્ષા, હાનિકારક પ્રથાઓ અને હિંસાનું નિવારણ અને તેની સામે પ્રતિક્રિયા.

ગ) "બાળ સંરક્ષણ પ્રણાલી" માં માનવ સંશાધન, નાણાં, કાયદા અને નીતિઓ, શાસન, દેખરેખ અને ડેટા સંગ્રહ તેમજ બાળકોની સંરક્ષણ અને પ્રતિભાવ સેવાઓ અને સંભાળ વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. તેમાં વિવિધ હિતધારકો – બાળકો, પરિવારો, સમુદાયો, ઉપ–રાષ્ટ્રીય અથવા રાષ્ટ્રીય સ્તરે કામ કરતા લોકો અને આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતા લોકોનો સમાવેશ થાય છે.

સંકલિત બાળ સુરક્ષા યોજના (હવે મિશન વાત્સલ્ય) હેઠળ, બાળ સુરક્ષામાં બાળકોને તેમના જીવન, ગૌરવ, વિકાસ અને સુખાકારી માટેના વાસ્તવિક અથવા સંભવિત જોખમોથી બચાવવાનો; તેઓને નુકસાનની સંભાવના ઘટાડવાનો; સામાજિક સંરક્ષણ પ્રણાલીઓમાંથી બાકાત રાખતા અટકાવવાનો; અને જરૂર હોય ત્યારે સંભાળ, રક્ષણ, પુનર્વસન અને ન્યાય સુધી સમયસર પહોંચ સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. અન્યથા ઉલ્લેખિત ન હોય ત્યાં, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ માં સમાવિષ્ટ વ્યાખ્યાઓ અને લાગુ પડતા બાળ સંબંધિત કાયદાઓ લાગુ પડશે.

૬. માર્ગદર્શક સિદ્ધાંતો:

આ નીતિ બાળકો સાથે દુર્વ્યવહાર અને તેનું શોષણ ચલાવી ન લેવાના સિદ્ધાંત પર આધારિત છે. વધુમાં, બાળ સંરક્ષણ નીતિ ઘડતી વખતે નીચેના સિદ્ધાંતો લાગુ કરવા જોઈએ:–

a) બાળકનું શ્રેષ્ઠ હિત
b) સમાનતા અને સમભાવ
c) જીવન ટકાવી રાખવાનો, વિકાસ કરવાનો અને સુખાકારીનો અધિકાર
d) બાળકના મતનો આદર
e) ગૌરવ, આદર અને બાળકને અનુકૂળ પ્રથાઓ
f) પરિવાર સશક્તિકરણ અને સંરક્ષણ
g) છેલ્લા ઉપાય તરીકે વૈકલ્પિક સંભાળ
h) હિંસાથી સલામતી અને સ્વતંત્રતા
i) નિજતા અને ગોપનીયતા
j) જવાબદારી
k) ભાગીદારી અને સંકલન

૭. સરકારી પ્રાથમિકતાઓ:

ગુજરાતમાં બાળકો સામેના જોખમોના બદલાતા સ્વરૂપને ઓળખીને, સરકાર નીચેની વ્યૂહરચનાઓને પ્રાથમિકતા આપશે:–

ક) **બાળકો સામે હિંસા નિવારણ:** સરકાર માને છે કે બાળ સંરક્ષણ માટે નિવારણ એ સૌથી અસરકારક અને ટકાઉ અભિગમ છે. તે મુજબ, સરકાર સંરક્ષણની પ્રથમ હરોળમાં પરિવારોને મજબૂત બનાવવા; સંરક્ષણાત્મક સમુદાયોના નિર્માણ કરવા; વર્તણૂક પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

ખ) **સલામત વાતાવરણ બનાવવું:** બાળકો રહેતા હોય, શીખતા હોય અથવા સેવાઓ મેળવતા હોય તેવી દરેક જગ્યાએ ક્રમશ: બાળ સંરક્ષણ પગલાં અપનાવવાના રહેશે. સરકાર બાળ–સુરક્ષિત શાળાઓ, બાળ–સુરક્ષિત આરોગ્ય સંભાળ સુવિધાઓ; બાળ–સુરક્ષિત બાળ સંભાળ સંસ્થાઓ; બાળ–સુરક્ષિત કાર્યસ્થળો; બાળ–સુરક્ષિત ડિજિટલ વાતાવરણ; બાળ–સુરક્ષિત જાહેર જગ્યાઓને પ્રોત્સાહન આપશે.

ગ) **સમયસર રક્ષણ અને ગુણવત્તાયુક્ત પ્રતિક્રિયા સુનિશ્ચિત કરવી:** રક્ષણની જરૂર હોય તેવા દરેક બાળકને સંકલિત, બાળકને અનુકૂળ હોય તેવી અને અધિકારો આધારિત સેવાઓ સમયસર ઉપલબ્ધ કરાવવાની રહેશે. સરકાર ત્વરિત ઓળખ અને પરામર્શ; બાળ–સંવેદનશીલ ન્યાય; પુન:પ્રાપ્તિ, પુનર્વસન અને પુન:સમાવેશન; માનસિક સ્વાસ્થ્ય અને મનોસામાજિક સહાય સેવાઓ માટે પ્રતિબદ્ધ છે.

ઘ) **બાળ સંરક્ષણ પ્રણાલીઓ સુદ્રઢ કરવી:** સરકાર પર્યાપ્ત ભંડોળ; કુશળ માનવ સંસાધનો; ટેકનોલોજી આધારિત માહિતી પ્રણાલીઓ; બાળ બજેટિંગ; કાર્યકારી માર્ગદર્શિકા અને બાળ સંરક્ષણ માટે કાર્યરત કર્મચારીગણના નિરંતર ક્ષમતા વિકાસ દ્વારા બાળ સંરક્ષણ માટે જવાબદાર સંસ્થાઓને સુદ્રઢ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ચ) **ઓનલાઈન સલામતી સુનિશ્ચિત કરવી અને ઉભરતા જોખમો:** સરકાર ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ સંબંધિત સાયબર સંરક્ષણ, નિવારણ અને પ્રતિક્રિયા પદ્ધતિઓને મજબૂત બનાવશે.

૮. અમલીકરણ માળખું: અમલીકરણ તબક્કાવાર રીતે હાથ ધરવામાં આવશે.

ક) અમલીકરણનું સંકલન કરવા, સંકલનનું નેતૃત્વ કરવા, કાર્યકારી માર્ગદર્શિકા બહાર પાડવા, દેખરેખ રાખવા અને વાર્ષિક સમીક્ષાને સરળ બનાવવા માટેનો નોડલ વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે.

ખ) દરેક વિભાગ આ નીતિને અનુરૂપ વાર્ષિક અમલીકરણ યોજનાઓ તૈયાર કરશે.

ગ) સંલગ્ન વિભાગોએ આ નીતિનું જાહેરનામું બહાર પડ્યાના એક વર્ષના સમયગાળામાં કાર્યકારી માર્ગદર્શિકા, પ્રોટોકોલ તૈયાર કરવાના રહેશે.

ઘ) સરકાર તમામ બાળ સંરક્ષણ અને સંલગ્ન વ્યવસ્થાઓ માટે સતત શિક્ષણ માળખું ઉભુ કરશે.

ચ) તમામ સંસ્થાઓ અને સંગઠનોએ માર્ગદર્શિકા અને હાલના કાયદાઓ અનુસાર બાળકોનું રક્ષણ કરવા અને કોઈપણ દુર્વ્યવહાર, શોષણ અથવા ઉપેક્ષાની જાણ કરવા માટે સંસ્થામાં પ્રક્રિયાઓ અને

વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાના હેતુથી ચોક્કસ સભ્ય / સ્ટાફના સભ્યને જવાબદારી સોંપવાની રહેશે.

૯. **સંસ્થાકીય જવાબદારી:** નીતિના અસરકારક અમલીકરણ માટે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સંસ્થાકીય જવાબદારીઓ જરૂરી છે. ગુજરાત સરકાર નીતિ અંગે એકંદર નિર્દેશ આપશે, બાળ સંરક્ષણ માટે રાજ્ય કાર્ય યોજનાઓ વિકસાવશે, અમલમાં મૂકશે અને તેની દેખરેખ રાખશે અને પર્યાપ્ત ભંડોળ સુનિશ્ચિત કરશે.

ક) બાળકોને સેવાઓ પૂરી પાડતા વ્યાવસાયિકો (શિક્ષકો, સલાહકારો, તબીબો/અન્ય આરોગ્ય કાર્યકર્તા અને અન્ય)એ બાળકની સલામતી અને કલ્યાણ અંગે તેઓને ચિંતા જણાય તો તેની જાણ કરવા અને પગલાં લેવા માટે બાળ સંરક્ષણ નીતિનું પાલન કરવાનું રહેશે.

ખ) કોઈપણ વ્યક્તિને બાળકોના ઓનલાઈન દુર્વ્યવહાર, બાળકો સામે જાતીય દુર્વ્યવહાર અંગેની સામગ્રીનું પ્રસારણ, બાળ લગ્ન, બાળ મજૂરી, બાળ તસ્કરી, બાળકો સાથે દુર્વ્યવહાર, લિંગ, જાતિ, ધર્મ, ભાષા, દિવ્યાંગતા અથવા અન્ય કોઈપણ કારણોસર બાળક સામે ભેદભાવ, બાળકનો ત્યાગ અથવા ઉપેક્ષા સહિત શારીરિક, જાતીય અથવા ભાવનાત્મક દુર્વ્યવહારની શંકા જણાય તો તેણે CHILD HELP LINE ૧૦૯૮/૧૧૨ અથવા તે માટેની અન્ય કોઈપણ હેલ્પલાઇન, પોલીસ અથવા બાળ કલ્યાણ સમિતિને તે ઘટનાની જાણ કરવાની રહેશે. માહિતી આપનારની ઓળખ સુરક્ષિત રાખવામાં આવશે અને તેને જાહેર કરવામાં આવશે નહીં.

ગ) તબીબી સંસ્થાઓ (હોસ્પિટલ અને ક્લિનિક્સ), તબીબો અને આરોગ્ય કર્મચારીઓ લિંગ, જાતીય અભિગમ, દિવ્યાંગતા, જાતિ, ધર્મ, આદિજાતિ, ભાષા, વૈવાહિક સ્થિતિ, વ્યવસાય, રાજકીય માન્યતા અથવા અન્ય સ્થિતિના આધારે સારવારનો ઇનકાર કરી શકશે નહી અથવા ભેદભાવ કરી શકશે નહી. જાતીય હિંસા અને એસિડ હુમલાના ભોગ બનેલા/પીડિતોને તબીબી સારવારનો ઇનકાર કરવો એ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૨૦૦ અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૩૯૭ હેઠળ ગુનો બને છે.

૧૦. **દેખરેખ માળખું:** ગુજરાત સરકાર અને અન્ય તમામ સંબંધિત સત્તાધિકારીઓ, નાગરિક સમાજ સંગઠનો, પરિવારો અને વ્યાપક સમુદાય, આ ગુજરાત બાળ સંરક્ષણ નીતિના વિઝનને અસરકારક રીતે સાકાર કરવા અને બાળકો માટે પરિણામો પ્રાપ્ત કરવા માટે સહયોગ અને ભાગીદારીથી કામ કરશે.

ક) ગુજરાત સરકારના મુખ્ય સચિવ વાર્ષિક ધોરણે ગુજરાત Child Protection Policy ના અમલીકરણની સમીક્ષા કરશે.

ખ) ગુજરાત સરકારનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ બાળકોને સેવાઓ પૂરી પાડતા સંબંધિત વિભાગો સાથે સંકલનમાં રહીને આ સમીક્ષાને સુગમ બનાવશે.

ગ) ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી (GSCPS) આ નીતિના અમલીકરણ પર દેખરેખ રાખશે.

૧૧. તાલીમ અને ક્ષમતા નિર્માણ:

રાજ્ય, બાળ સંરક્ષણ સંબંધિત ચિંતાજનક પરિસ્થિતિઓ અટકાવવા, ઓળખવા, જણાવવા અને અસરકારક પ્રતિક્રિયા આપવા માટે તમામ હિતધારકોના જ્ઞાન, કૌશલ્ય અને કાર્યક્ષમતાઓને મજબૂત કરવા નિયમિત તાલીમ અને ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપશે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

(ક) બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોએ બાળકો સાથે થતાં દુર્વ્યવહાર, ઓનલાઈન સંરક્ષણ અને તેમના માટે ઉપલબ્ધ સેવાઓ વિશે માહિતગાર કરવા વય મુજબના મોડ્યુલ અને સામગ્રી વિકસાવવાની રહેશે.

(ખ) બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોએ તેમના તમામ કર્મચારીઓને બાળ અધિકારો, પોક્સો (POCSO) અધિનિયમ, ૨૦૧૨; કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫ ની જોગવાઈઓ અને બાળકો માટેના અન્ય કાયદાઓ અંગેની તાલીમ અવશ્ય આપવાની રહેશે અને શારીરિક શિક્ષા, ધાકધમકી (બુલિંગ) અને અન્ય કોઈપણ પ્રકારના દુર્વ્યવહારને અટકાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તમામ કર્મચારીઓ બાળકો સાથે દુર્વ્યવહાર/શોષણ અથવા ઉપેક્ષા દર્શાવતા લક્ષણો અને વર્તનથી પરિચિત હોવા જોઈએ.

૧૨. સંગઠનો, સંસ્થાઓ અને એકમો માટેની માર્ગદર્શક સૂચનાઓ:–

(ક) તમામ વિભાગો, સંસ્થાઓ અને સંગઠનોએ બાળકોના રક્ષણ અને કલ્યાણ માટેની રાષ્ટ્રીય માર્ગદર્શક સૂચનાઓ અને વિવિધ કાયદાઓને અનુરૂપ બાળ સંરક્ષણ નીતિ અને કર્મચારીઓ માટે આચારસંહિતા વિકસાવવાની રહેશે અને તેને યોગ્ય રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

(ખ) તમામ કર્મચારીઓ/કરાર આધારિત (કોન્ટ્રાક્ટ) કામદારોએ બાળ સંરક્ષણ માટેના એકરારનામા પર ફરજિયાત સહી કરવાની રહેશે અને તેનું પાલન કરવા સંમતિ આપવાની રહેશે. (બિડાણ–૧ માં એકરારનામાનો મુસદ્દો).

(ગ) ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮/૧૧૨ અથવા તે સંબંધિત અન્ય કોઈપણ હેલ્પલાઈન અને બાળ સંરક્ષણ માટે નિયુક્ત અધિકારીની સંપર્ક વિગતો યોગ્ય રીતે અવશ્ય પ્રદર્શિત કરવાની રહેશે.

(ઘ) કોર્પોરેટ ગૃહો અને ઉદ્યોગોએ તે ઉદ્યોગો/પેટા કંપનીઓ કોઈપણ સ્વરૂપમાં બાળ મજૂરીનો ઉપયોગ કરતી નથી તે સુનિશ્ચિત કરવા માટે દેખરેખ વ્યવસ્થા કરવાની રહેશે અને તેને મજબૂત બનાવવાની રહેશે.

(ચ) બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોએ બાળકોના સંપર્કમાં આવતા તમામ નિયમિત અથવા કરાર આધારિત કર્મચારીઓ, સ્વયંસેવકો અને અન્ય લોકોની પશ્ચાદભૂમિકાની કડક તપાસ (પોલીસ વેરિફિકેશન સહિત) સુનિશ્ચિત કરવાની રહેશે.

(છ) જો કર્મચારીઓની સંખ્યા ૫૦ કે તેથી વધુ હોય તો (દૈનિક વેતન/કરાર આધારિત કર્મચારીઓ સહિત) કર્મચારીઓના બાળકો માટે ઘોડિયાઘર /મોબાઈલ ઘોડિયાઘરની સુવિધા પૂરી પાડવાની રહેશે; અન્યથા, શિશુઓ ઘરાવતી માતાઓ માટે બાળ સંભાળ માટે યોગ્ય જગ્યા અને સુવિધા પૂરી પાડવાની રહેશે.

(જ) તમામ જાહેર સ્થળોએ બાળકોને અનુરૂપ ઝોન અને માતાઓને તેમના શિશુઓને રાખવા માટે સુરક્ષિત જગ્યાઓ અવશ્ય વિકસાવવાની રહેશે.

૧૩. આચારસંહિતા:

કર્મચારીઓ/કરાર આધારિત કામદારો માટેની આચારસંહિતામાં એ નિર્ધારિત કરવાનું રહેશે કે તેઓ જાતિ, રંગ, લિંગ, જાતીયતા, ભાષા, ધર્મ, રાજકીય અથવા અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીય, વંશીય કે સામાજિક મૂળ, મિલકત, દિવ્યાંગતા, જન્મ અથવા અન્ય દરજ્જાના ભેદભાવ વિના હંમેશા બાળકો સાથે સહાનુભૂતિ અને સન્માનપૂર્વક વર્તન કરે. આચારસંહિતામાં એ સ્પષ્ટ હોવું જોઈએ કે સ્ટાફના સભ્યોએ નીચે દર્શાવ્યા અનુસારની કે તે પ્રકારની અન્ય કોઈપણ વર્તણૂંક ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે:–

(ક) બાળકો પ્રત્યે અયોગ્ય, પરેશાન કરનાર, અપમાનજનક, જાતીય ઉશ્કેરણીજનક, નીચું દેખાડનાર અથવા સાંસ્કૃતિક રીતે અયોગ્ય હોય એવી ભાષા કે વર્તનનો ઉપયોગ કરવો.

(ખ) બાળકો સાથે શારીરિક/જાતીય સંબંધો વિકસાવવા અથવા પ્રેરિત કરવા અથવા તેને કોઈપણ રીતે સમર્થન આપવું.

(ગ) બાળકો સાથે કોઈપણ પ્રકારનો સંબંધ અથવા વ્યવસ્થા ઊભી કરવી જે કોઈપણ રીતે શોષણકારક અથવા અપમાનજનક ગણી શકાય.

(ઘ) બાળકને દુર્વ્યવહાર કે શોષણના જોખમમાં મૂકવું અથવા તેના વિશે જાણતા હોવા છતાં તેની જાણ ન કરવી અથવા તેના વિશે કંઈપણ ન કરવું.

(ચ) બાળકો પર સંશોધન કરતી અને બાળકો પાસેથી પ્રત્યક્ષ રીતે અથવા માતાપિતા/સમુદાય પાસેથી પરોક્ષ રીતે ડેટા એકત્રિત કરતી સંસ્થાઓએ એ સુનિશ્ચિત કરવું કે આ પ્રક્રિયા દરમિયાન બાળકોને કોઈપણ રીતે નુકસાન ન પહોંચે કે તેમને આઘાત ન લાગે. તમામ સંશોધન સ્ટાફને નૈતિક વ્યવહારો કે પ્રથાઓ અને બાળ–સ્નેહી પ્રક્રિયાઓ અંગે તાલીમ આપવાની રહેશે.

૧૪. અનુપાલન અને કાર્યવાહી:

(ક) તમામ વિભાગો/વ્યક્તિઓ/સંગઠનો/સંસ્થાઓ આ નીતિના ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે કાર્ય કરશે.

(ખ) આ નીતિ હેઠળ આવરી લેવામાં આવેલ કોઈપણ સરકારી વિભાગ, સંસ્થા, એજન્સી, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા તેની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા/ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા માટે સંબંધિત સેવા નિયમો, વિભાગીય નિયમો, કરારની શરતો અને લાગુ પડતા કાયદાઓ અનુસાર યોગ્ય વહીવટી, શિસ્તભંગના, કરાર આધારિત અથવા કાનૂની પગલાં લેવામાં આવશે. (બિડાણ – ૨ નો સંદર્ભ જુઓ).

૧૫. નીતિની પ્રગતિ અને પરિણામો પર દેખરેખ રાખવા માટે દર ત્રણ વર્ષે અથવા તે પહેલાં આ નીતિની સમીક્ષા કરવામાં આવશે.

જોડાણ – ૧
તમામ કર્મચારીઓ/નોકરીદાતા દ્વારા એકરારનામું

હું, ... , ... (કર્મચારીનું નામ અને હોદ્દો), ... (સંસ્થાનું નામ) આથી જાહેર કરું છું કે:

૧ હું વય, દિવ્યાંગતા, લિંગ, વંશીય વારસો, ધાર્મિક માન્યતા, જાતીય અભિગમ અથવા ઓળખને ધ્યાનમાં લીધા વિના હંમેશા તમામ બાળકોનું સન્માન કરીશ;

૨. તમામ પ્રકારની હાનિ કે નુકસાન અથવા શોષણ સામે સમાન રક્ષણના તેમના અધિકારનું સમર્થન કરીશ;

૩. હું બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬ હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ કોઈપણ બાળકને રોજગારી આપીશ નહીં.

૪. હું મારા ધ્યાનમાં આવતા બાળ દુર્વ્યવહાર, શોષણ અને ઉપેક્ષાના કોઈપણ કેસની હંમેશા યોગ્ય સત્તાધિકારીને જાણ કરીશ અને કોઈપણ બાળકનું શારીરિક, ભાવનાત્મક અથવા જાતીય રીતે નુકસાન કે શોષણ કરીશ નહીં.

(કર્મચારીનું નામ)
(નોકરીદાતાનું નામ અને હોદ્દો)
(સંસ્થા/સંગઠનનું નામ)

જોડાણ – ૨

નીચેના ગુનાઓ/વર્તન કાયદા દ્વારા શિક્ષાપાત્રને છે અને આ કાયદાઓનું પાલન કરવું દરેક પુખ્ત નાગરિકની ફરજ છે:

ગુનાઓ/વર્તન	**કાયદાઓ**
જાતીય હુમલો, જાતીય સતામણી, પોર્નોગ્રાફિક હેતુ માટે બાળકનો ઉપયોગ	જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ (POCSO) અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
બાળ જાતીય શોષણ સામગ્રીનું ઉત્પાદન, પ્રસાર અને ઉપયોગ	ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) એક્ટ, ૨૦૦૦ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
યોગ્ય સત્તાધિકારી સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ સમક્ષ પીડિત બાળકની ઓળખ જાહેર કરવી	જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨, જુવેનાઈલ જસ્ટીસ અધિનિયમ, ૨૦૧૫ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
ગેરકાયદેસર દત્તક લેવા, જાતીય શોષણ માટે બાળકોની હેરફેર, આતંકવાદી જૂથો દ્વારા બાળકોનો ઉપયોગ, બાળકોને નશીલા પીણાં, માદક દ્રવ્યો અથવા તમાકુ ઉત્પાદનો અથવા સાયકોટ્રોપિક પદાર્થો આપવા, દિવ્યાંગ બાળકો સામેના ગુનાઓ, જાતીય શોષણ/શોષણયુક્ત મજૂરી/અન્ય કારણોસર બાળકોની હેરફેર અને અપહરણ સહિતના કોઈપણ હેતુ માટે બાળકોનું વેચાણ અને ખરીદી	કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫; અનૈતિક વ્યાપાર (નિવારણ) અધિનિયમ, ૧૯૫૬; ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૩ અને ૧૪૪ તથા અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
બાળ સંભાળ સંસ્થાઓમાં શારીરિક શિક્ષા	કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૯૮ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
શાળાઓમાં શારીરિક શિક્ષા	બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ, ૨૦૦૯, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૯૫ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
CARINGS અને બાળ કલ્યાણ સમિતિઓ દ્વારા યોગ્ય પ્રક્રિયા વિના બાળકને દત્તક લેવું/આવા ગેરકાયદેસર દત્તક લેવાને પ્રોત્સાહન અથવા સુવિધા આપવી	કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૩ અને ૧૪૪ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
કોઈપણ વ્યવસાય અથવા ઉદ્યોગમાં ૧૪ વર્ષથી નીચેના બાળકોને રોજગારી આપવી	બાળ અને કિશોર મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૬ અને ૧૪૭ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.

જોખમી વ્યવસાય અથવા ઉદ્યોગોમાં ૧૫–૧૮ વર્ષના બાળકોને રોજગારી આપવી	બાળ અને કિશોર મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૬ અને ૧૪૭ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
બાળકના લગ્ન કરવા/ બાળ લગ્નને પ્રોત્સાહન આપવું કે સંપન્ન કરાવવા	બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬, જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.
જેનાથી સ્ત્રી ભ્રૂણ હત્યા થઈ શકે તેવી પ્રસૂતિ પૂર્વેની ગર્ભના જાતિ નિર્ધારણ માટે તકનીકો	PCPNDT અધિનિયમ, ૧૯૯૪ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ.

ગુજરાતના રાજ્યપાલના આદેશથી અને તેમના નામે,

કિશોર રાઠવા,
સરકારના નાયબ સચિવ.



Gujarat State Child Protection Policy-2026

Gujarat State Child Protection Society, Gandhinagar,

(Social Justice & Empowerment Department)

Gujarat State

GUJARAT STATE CHILD PROTECTION POLICY, 2026

TABLE OF CONTENTS

Sr.No	Contents	Gazette Page No.
1.	Preamble & Short Title	201-2
2.	Vision	201-2
3.	Key Objectives of the Policy	201-2
4.	Scope of the Policy	201-2–201-3
5.	Definitions	201-3
6.	Guiding Principles	201-3
7.	Government Priorities	201-3–201-4
8.	Implementation Framework	201-4
9.	Institutional Accountability	201-4
10.	Monitoring Framework	201-4
11.	Training & Capacity Building	201-5
12.	Guidelines for Organizations, Institutions and Establishments	201-5
13.	Code of Conduct	201-5
14.	Compliance and Action	201-5–201-6
15.	Review of the Policy	201-6
Annexure–1	Declaration by All Employees/Employer	201-6
Annexure–2	Offences/Behaviours Punishable by Law and Applicable Laws	201-6–201-7

Extra No. 201

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] WEDNESDAY, JULY 15, 2026 / ASHADHA 24, 1948

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

SOCIAL JUSTICE AND EMPOWERMENT DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 15th July, 2026

No.: GHL-10/SJED/GCR/e-file/17/2026/1483/CHH-2:- WHEREAS the draft of Gujarat State Child Protection Policy was published at pages 129-1 to 129-5 in the Gujarat Government Gazette, Extraordinary, Part IV-B, dated the 1st April, 2025, under the Government Notification, Social Justice and Empowerment Department No. GHL-05/SJED/ 2025/1/2088/CHH, dated the 1st April, 2025, inviting objections or suggestions from such persons likely to be affected thereby within the period of ninety days from the date of publication of the said notification in the *Official Gazette;*

AND WHEREAS the objections or suggestions received from such persons on the said draft notification have been considered by the Government and also sub-rule (5) of rule 3 of the POCSO Rules, 2020, the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015, the Protection of Children from Sexual Offences Act, 2012, the subordinate rules framed thereunder, the directions issued by the Hon'ble Supreme Court, the Juvenile Justice (Care and Protection of Children) Model Rules, the School Safety and Hostel Guidelines issued by the National Commission for Protection of Child Rights (NCPCR), the National Policy for Children, 2013, and the National Plan of Action for Children, 2016;

NOW, THEREFORE, the Government of Gujarat hereby publishes the Gujarat State Child Protection Policy, namely: —

Preamble:

All children deserve a happy childhood and the opportunity to lead a dignified life safe from violence, exploitation, neglect, deprivation and discrimination. The Constitution of India recognizes children as equal right holders and grants highest priority for their protection and well-being. India is also signatory to the United Nations Convention on the Rights of the Child (UNCRC), the Constitution of India and the national policy for children, 2013 has a strong legal framework to protect children which include the Juvenile Justice (Care and Protection of Children) Act 2015; the Juvenile Justice (Care and Protection of Children) with amendment in 2021 (JJ Act); the Protection of Children from Sexual Offences Act 2020 (POCSO) and Rules 2020; Pre-Conception and Pre-Natal Diagnostic Techniques (PCPNDT) Act 1994; the Commission for Protection of Child Rights Act 2005; the Right of Children to Free and Compulsory Education Act, 2009; Prohibition of Child Marriage Act, 2006; with amendment in 2016; the Child and Adolescent Labour (Prohibition and Regulation) Amendment Act, 2016; IT and Digital Personal Data Protection Act 2023; Rights of Persons with Disabilities Act 2016; National Disaster Management Guidelines: School Safety Policy, 2013; Mental Healthcare Act; HIV and AIDS (Prevention and Control) Act; Transgender Persons (Protection of Rights) Act; Bharatiya Nyaya Sanhita, 2023; Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 and judgements of Hon. Supreme Court / Hon. High Courts related to this subject.

The Policy also reflects India's obligations under the United Nations Convention on the Rights of the Child (UNCRC), the Convention on the Rights of Persons with Disabilities, CEDAW and other relevant international human rights instruments. It further aligns with the National Policy for Children, 2013, the National Plan of Action for Children, 2016 and Sustainable Development Goals.

The Government of Gujarat recognizes the rights of all children and the importance of upholding these rights for the achievement of Gujarat's and India's growth and development. The State is committed to ensuring protection of all children within the State, based on a rights-based approach, which implies promoting the safety and security of children within the framework of their legally recognized rights including children's right to participation.

1. Short Title:

1) This policy may be called the Gujarat State Child Protection Policy, 2026.

2) It shall come into force on the date of its publication in the *Official Gazette.*

2. Vision:

a) To create a society in Gujarat where every child is safe, respected, protected, empowered and facilitated to realize his/her full potential, ensuring his/her rights to safety, education, health, and holistic development through participation and empowerment.

b) Every child in the State, without discrimination on grounds of religion, caste, gender, social, economic, political, cultural or geographical background shall be protected from all forms of violence, abuse, neglect, and exploitation, and shall have equitable access to child protection services across all sectors.

c) To align the vision with Viksit Bharat and Viksit Gujarat, emphasizing social protection and development for all children, and also emphasizing inclusivity and child rights.

3. Key Objectives of the Policy:

a) To create robust, child-centric and effective child protection mechanism.

b) To build the capacity of institutions, law enforcement and caregivers to provide effective and child friendly care and protection.

c) Promote and strengthen inter-departmental, inter-agency and multi-sectoral convergence and accountability.

4. Scope of the Policy:

a) The Gujarat State Child Protection Policy shall apply to all government departments, statutory bodies, government agencies, NGOs, civil societies, institutions, and individuals who come into direct or indirect contact with children, including Corporate and Business Houses, Industries, Media Organizations, Resident Welfare Associations, Religious and Faith-based organizations, Child Care Institutions, and all areas where children live, learn, play, receive care, or participate.

b) It also covers children in vulnerable situations, including children in need of care and protection, children in conflict with law, children with disabilities, migrant children, orphans, children belonging to Scheduled Tribes, Scheduled Castes and other marginalized communities, children affected by trafficking, children in street situations, children in institutional and alternative care, transgender and intersex children, children affected by HIV /AIDS or Chronic illness, children affected by natural disasters, and children in conflict zones.

c) This Policy applies to everyone within the jurisdiction of the State of Gujarat.

5. Definitions:

a) "Child" means any person under the age of 18 years or one who has not completed eighteen years of age as per Section 2 (k) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015.

b) "Child Protection" means the prevention of, and response to, exploitation, abuse, neglect, harmful practices and violence against children.

c) "Child Protection System" comprises human resources, finance, laws and policies, governance, monitoring and data collection as well as protection and response services and care management of children. It includes different actors – children, families, communities, those working at subnational or national level and those working internationally.

Under Integrated Child Protection Scheme (now as Mission Vatsalya), Child Protection encompasses protecting children from actual or potential risks to their life, dignity, development and well-being; reducing their vulnerability to harm; preventing exclusion from social protection systems; and ensuring timely access to care, protection, rehabilitation and justice whenever required. Unless otherwise specified, definitions contained in the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 and applicable child related laws shall apply.

6. Guiding Principles:

The Policy is based on the principle of Zero tolerance of child abuse and exploitation. Additionally, the following principles should be applied in framing child protection policy:

a) Best Interest of the Child

b) Equality and non-discrimination

c) Right to Survival, Development and Well-being

d) Respect to the views of the Child

e) Dignity, Respect and Child Friendly Practices

f) Family Strengthening and Preservation

g) Alternative Care as a Measure of Last Resort

h) Safety and Freedom from Violence

i) Privacy and Confidentiality

j) Accountability

k) Partnership & Convergence

7. Government Priorities: Recognizing the evolving nature of risks faced by children in Gujarat, the Government shall prioritize the following strategies:

a) Prevention of Violence Against Children: The Government recognizes that prevention is the most effective and sustainable approach to child protection. Accordingly, the government commits to – Strengthen Families at the first line of Protection; Build Protective Communities; Promote Behavior Change

b) Create Safe Environment: Every setting where children live, learn or receive services shall progressively adopt child safeguarding measures. The government shall promote Child-safe schools, child-safe health care facilities; child-safe child care institutions; child-safe workplaces; child-safe digital environments; child-safe public spaces

c) Ensure Timely Protection and Quality Response: Every child requiring protection shall have timely access to coordinate, child friendly and rights-based services. The Government commits to early identification and referral; child-sensitive justice; recovery, rehabilitation and reintegration; Mental Health and Psychosocial support services.

d) Strengthening Child Protection Systems: The Government commits to strengthening institutions responsible for child protection through adequate financing; skilled human resources; technology-enabled information systems; child budgeting; operational guidelines and continuous capacity development of the child protection workforce.

e) Ensure Online safety and Emerging risks: The government shall strengthen cyber security, prevention and response mechanisms relating to use of internet, social media platforms and digital technology.

8. Implementation Framework: Implementation shall be undertaken through a phased manner.

a) Department of Social Justice and Empowerment shall be the Nodal Department – to coordinate implementation, lead convergence, issue operational guidelines, oversee monitoring and facilitate annual review.

b) Every Department shall prepare annual implementation plans aligned to this policy.

c) Allied departments shall develop operational guidelines, protocols within one-year period of notification of this policy.

d) Government shall establish a continuous learning framework for all child protection and allied functionaries.

e) All organizations and institutions should designate responsibility to a specific member / member of staff for ensuring that procedures and arrangements are in place within the organization to protect children and report any abuse, exploitation or neglect in line with the guidelines and existing laws.

9. Institutional Accountability: Effective implementation of the Policy requires clearly defined institutional responsibilities. The Government of Gujarat shall provide overall policy direction, develop, implement and monitor State Action Plans for Child Protection and ensure adequate financing.

a) Professionals who provide services to children (teachers, counsellors, doctors/ other health workers and others) must follow child protection policy for reporting and taking action if they become concerned about a child's safety and welfare.

b) Any individual who suspects physical, sexual or emotional abuse including online abuse of children, circulation of child sexual abuse materials, child marriage, child labour, child trafficking, maltreatment of children, discrimination against child on the account of gender, caste, religion, language, disability or any other, abandonment or neglect of a child, must report the incidence to CHILDLINE 1098/112 or any other helpline for that matter, police or Child Welfare Committee. Identity of the informant shall be protected and shall not be made public.

c) Medical establishments (hospital and clinics), doctors and health workers cannot refuse treatment or discriminate on the basis of gender, sexual orientation, disability, caste, religion, tribe, language, marital status, occupation, political belief, or other status. Refusal of medical care to survivors/victims of sexual violence and acid attack amounts to an offence under Section - 200 of the Bhartiya Nyaya Sanhita, 2023 read with Section - 397 of The Bhartiya Nagarik Suraksha Sanhita, 2023

10. Monitoring Framework: The Government of Gujarat, and all other relevant authorities, civil society organizations, families and the wider community, shall work in collaboration and partnership to effectively realize the vision of this Gujarat Child Protection Policy and achieve results for children.

a) The Chief Secretary, Government of Gujarat shall review the implementation of Gujarat CPP annually.

b) The Department of Social Justice and Empowerment, Government of Gujarat shall facilitate this review in coordination with the concerned departments that provide services to children.

c) Monitoring the implementation of this Policy, shall be undertaken by the Gujarat Child Protection Society (GSCPS).

11. Training & Capacity Building: The State shall promote regular training and capacity building to strengthen the knowledge, skills, and competencies of all stakeholders for the prevention, identification, reporting, and effective response to child protection concerns, including

a) Institutions and organizations working directly with children must develop age-appropriate modules and materials for orientating children on child abuse, online safety and services available for them.

b) Institutions and organizations working directly with children must train all employees on child rights, provisions of the POCSO Act, 2012; JJ Act 2015 and other legislation for children and ensure that corporal punishment, bullying and any other form of abuse is prevented. All employees should be familiar with signs and behaviors that may be indicative of child abuse/exploitation or neglect.

12. Guidelines for Organizations, Institutions and Establishments

a) All departments, institutions and organizations should develop a child protection policy and code of conduct for employees in line with the national guidelines and various legislations for protection and welfare of children and display it appropriately.

b) All employees/ contractual workers must sign the declaration for child protection and agree to abide by it (Draft declaration at Annexure - 1).

c) The CHILDLINE 1098/112 or any other helpline for that matter and contact details of designated officer for child protection must be displayed appropriately.

d) Corporate houses and industries must establish and strengthen monitoring mechanisms to ensure those industries/subsidiaries are not using child labour in any form.

e) Institutions and organizations working directly with children must ensure stringent background check (including police verification) of all employees regular or contractual, volunteers and others who may come in contact with children.

f) Crèches/mobile crèches for employee's children including those on daily wages/contractual basis if the number of employees is fifty or above; otherwise, appropriate space and facility for baby care to be provided for mothers with infants.

g) Child-friendly zones must be developed in all public places and safe spaces for mothers to keep their infants.

13. Code of Conduct: The code of conduct for employees/contractual workers must lay down that they should always treat children with empathy and respect, regardless of race, color, gender, sexuality, language, religion, political or other opinion, national, ethnic or social origin, property, disability, birth or other status. The code of conduct must be laid down that staff members must never:

a) Use language or behavior towards children that is inappropriate, harassing, abusive, sexually provocative, demeaning or culturally inappropriate.

b) Develop or induce or support in any way physical/sexual relationships with children.

c) Develop any form of relationship or arrangement with children which could in any way be deemed to be exploitative or abusive.

d) Place a child at risk of abuse or exploitation or be aware of these and not report it or not do anything about it.

e) Organizations who undertake research and collect data on children, directly from children or indirectly from parents/community must ensure that children are not harmed or traumatized in any way during the process. All research staff must be trained on ethical practices and child friendly procedures.

14. Compliance and Action:

a) All departments/individual/organization/institution shall work to achieve objectives of the policy.

b) Failure/willful non action by any government department, institution, agency, organization, or individual covered under this Policy to comply with its provisions shall invite appropriate administrative,

disciplinary, contractual, or legal action, as applicable, in accordance with the relevant service rules, departmental regulations, contractual conditions and applicable laws. (Refer to Annexure - 2).

15. This policy shall be reviewed every three years or earlier to monitor the progress and outcomes of the policy.

Annexure - 1

Declaration by all employees/employer

I ,…… , ……..… (name and position of the employee), from…….. (name of the organization) hereby declare that:

1. I will always respect all children, regardless of age, disability, gender, racial heritage, religious belief, sexual orientation or identity;
2. Support their right to equal protection from all types of harm or abuse;
3. I will not employ any child as defined under Child Labour (prohibition and regulation) Amendment Act, 2016.
4. I will always report any case of child abuse, exploitation and neglect which comes to my knowledge to appropriate authority and will not harm or abuse any child physically, emotionally or sexually.

(Name of the employee)

(Name and designation of the employer)

(Name of the organization/institution)

Annexure - 2

The following offences/ behaviors are punishable by law and it is the duty of every adult citizen to abide by these laws:

Offences / Behaviours	Laws
Sexual assault, sexual harassment, use of child for pornographic purpose	Protection of Children from Sexual Offences Act 2012 and other applicable law/provisions.
Production, dissemination and use of child sexual abuse materials	The Information Technology Act, 2000 and other applicable law/provisions.
Disclosing identity of the child victim to anyone other than appropriate authority	Protection of Children from Sexual Offences Act 2012, JJ Act, 2015 and other applicable law/provisions.
Sale and procurement of children for any purpose including illegal adoption, trafficking of children for sexual exploitation, use of children by militant groups, giving children intoxicating liquor, narcotic drug or tobacco products or psychotropic substances, offences against disabled children, trafficking of children for sexual exploitation/exploitative labour/other reasons and, kidnapping	JJ Act 2015; Immoral Traffic (Prevention) Act 1956; Sections 143 and 144 of the Bharatiya Nyaya Sanhita (BNS), 2023 and other applicable law/provisions.
Corporal punishment in child care institutions	JJ Act, 2015, Section-68 of the Bharatiya Nyaya Sanhita (BNS), 2023 and other applicable law/provisions.
Corporal Punishment in schools	Right of Children to Free and Compulsory Education Act, 2009, Section-65 of the Bharatiya Nyaya Sanhita (BNS), 2023 and other applicable law/provisions.
Adopting a child without due procedure through CARINGS and child welfare committees/ promoting or facilitating such illegal adoption	JJ Act, 2015, Sections 143 and 144 of the Bharatiya Nyaya Sanhita (BNS), 2023) and other applicable law/ provisions.

Offences / Behaviours	Laws
Employment of children below 14 years in any occupation or industry	Child and Adolescent Labour (Prohibition and Regulation) Amendment Act, 2016, Sections 146 and 147 of the Bharatiya Nyaya Sanhita (BNS), 2023) and other applicable law/provisions.
Employment of children 15-18 years in hazardous occupation or industries	Child and Adolescent Labour (Prohibition and Regulation) Amendment Act, 2016, Sections 146 and 147 of the Bharatiya Nyaya Sanhita (BNS), 2023) and other applicable law/provisions.
Marrying a child/promoting or solemnizing child marriage	Prohibition of Child Marriage Act, 2006, Protection of Children from Sexual Offences Act 2012 and other applicable law/provisions.
Pre-natal diagnostic techniques for determination of the sex of the fetus leading to female feticide.	(PCPNDT) Act, 1994 and other applicable law/provisions.

By order and in the name of the Governor of Gujarat,

KISHOR RATHAVA,

Deputy Secretary to Government.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.07.15 19:55:41 IST